# ગુજરાત સમાચાર

Vapi 16 June, 2019





ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે વિકલાંગ સાધન સહાય કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૫૦ જેટલા બાળકો, યુવાઓ અને વડીલોને તેમની જરૂરિયાત મુજબ ખાસ બનાવડાવવામાં આવેલા કૃત્રિમ અવયવો અને સહાયક ઉપકરણો (વ્હીલ ચેર, સેરેબ્રલ પાલ્સી માટેની ખાસ ચેર, ટ્રાઈસીકલ, ઘોડી, વોકર, હીયરીંગ એઈડ) વિના મૂલ્યે આપવામાં આવ્યા હતા. આ કેમ્પનો ઉદ્દેશ તેમને સ્વાવલંબી બનાવી જીવન જીવવાનો ઉત્સાહ વધારવાનો હતો. આ સાથે જ પૂ. ગુરૂદેવશ્રી રાકેશભાઈના હસ્તે વિકલાંગો માટે એક ખાસ કલબ 'શ્રીમદ રાજચંદ્ર ફેલોશીપ ફોર ધ સ્પેશિયલી એબલ્ડ'નું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.